અંદાજપત્ર ૨૦૧૨–૧૩ (આયોજન)–
સીડીપી–૩ ઘટક કક્ષાની સંસ્થાઓને
સંગીન બનાવવાની યોજના માટે થયેલ
જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી
મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બજટ–૧૦૨૦૧૨–૩૮૦–જ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૩૧–૩–૨૦૧૨

વંચાણે લીધા:–

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાક: પરચ–૧૦૨૦૧૦–ન.બા.૧–જ , તા.૩–૭–૨૦૧૦

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્રક: વિક/ઓડિટ/યુ-૬/પ્લાન/વાર્ષિક અંદાજ/૨૦૧૨-૧૩/૨૦૧૧, તા.૨૩/૧૧/૨૦૧૧

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની બજેટ શાખાનો પત્ર ક્રમાંક: બીયુડી–૨૦૧૨–૧૬૯–બ, તા.૨૬–૩–૨૦૧૨.

ઠરાવ : –

રાજયની નવીન જિલ્લા/તાલુકા પંચાયતોના માળખાને સંગીન બનાવવા માટે સીડીપી–૩ ની યોજના અમલમાં મુકેલ છે, જે અંતર્ગત જિલ્લા/તાલુકા પંચાયતોને તેમની કચેરીના મકાનો, અધિવેશન માટેના સભાખંડો, કર્મચારી આવાસો બાંધવા તેમજ કચેરીનું ફર્નિચર અને વાહન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટે રાજય સરકાર ધ્વારા નાણાકિય સહાય/ગ્રાન્ટ આપવામાં આવે છે. માત્ર વિભાજનને કારણે નવીન રચાતી જિલ્લા/તાલુકા પંચાયતોને જ આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજના આમુખમાં દર્શાવેલ ક્રમાંક:(૧) ના ઠરાવથી આ યોજનાનો વ્યાપ વધારીને, રાજયની જુની જિલ્લા/તાલુકા પંચાયતો કે જેઓ ઉપર જણાવેલ સુવિધાઓ તેમના સ્વભંડોળમાંથી ખર્ચ કરી ઉભી કરે છે, પરંતુ રાજયની કેટલીક એવી પણ જિલ્લા/તાલુકા પંચાયતો છે કે જેઓનું સ્વભંડોળ માઈનસ અથવા અપૂરતુ છે જેના કારણે તેઓ તેમની જરૂરી સુવિધાઓ સ્વયં પોતાના સ્વભંડોળમાંથી ઉભી કરી શકે તેમ નથી તેવી જિલ્લા/તાલુકા પંચાયતોને તેમની કચેરીના જુના મકાનોના રીપેરીગ/ સુવિધા વધારવા વધારાનું બાંધકામ માટે તથા તેમના જુના જર્જરીત મકાનોને નવેસરથી કચેરીના મકાન બાંધકામ માટે અનુદાન આપવાનું નકકી કરવામાં આવેલ છે.

૧. આ યોજના સને ૨૦૧૨–૧૩ના નાણાકિય વર્ષમાં ચાલુ રાખવા અને તેના માટે અંદાજપત્રીય જોગવાઈ કરવા માટે વિકાસ કમિશ્નરશ્રીએ આમુખમાં વંચાણે લીધેલ ક્રમાક: (૨) ના પત્રથી દરખાસ્ત કરેલ જેનો સ્વીકાર કરી આ યોજના માટે સને ૨૦૧૨–૧૩ના અંદાજપત્રમાં સામાન્ય સદરે " માંગણી નં.૭૦ મુખ્ય સદર–૨૫૧૫–અન્ય ગ્રામીણ વિકાસ

કાર્યક્રમ–પેટા મુખ્ય સદર–૦૦, ગૌણ સદર–૧૦૧, પેટા ગૌણ સદર–૦૯ સીડીપી–૩ ઘટક કક્ષાની સંસ્થાઓને સંગીન બનાવવી (આયોજન) " હેઠળ થયેલ રૂા.૧૪૪૪.૮૫ લાખની તથા આદિજાતિ સદરે માંગણી નં.૯૬, મુખ્ય સદર–૨૫૧૫ : અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદરઃ ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર : સીડીપી–૩ ઘટક કક્ષાની એજન્સીને સંગીન બનાવવી, વિગતવાર સદર પંચાયતોને મૂડી મિલ્કતો ઉભી કરવા માટે અનુદાન(આયોજન) હેઠળ થયેલ રૂા.૩૬૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ. આ જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા માટે, વિભાગની બજેટ શાખા ધ્વારા રજુ કરેલ સંયુકત દરખાસ્ત પર રાજય સરકારે સદરહુ યોજના અન્વયે કરવામાં આવેલ અંદાજપત્રીય જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપેલ છે. જેમાં યોજનાવાર, સંબંધિત વહીવટી શાખાએ વહીવટી મંજુરીના હુકમો બહાર પાડવાની સૂચના અનુસંધાને, સીડીપી–૩ ઘટકકક્ષાની સંસ્થાઓને સંગીન બનાવવાના હેતુસર સને ૨૦૧૨–૧૩ના નાણાકિય વર્ષમાં કરવામાં આવેલ નાણાકિય જોગવાઈનો નીચેની શરતોને આધિન ખર્ચ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>શરતોઃ–</u>

(૧) આ યોજના માટે સને ૨૦૧૨–૧૩ની બજેટ જોગવાઈની મર્યાદામાં તા.૧–૪–૧૨ પછીથી ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ બાંધકામના ખર્ચ / અનુદાન મેળવવા માટે સમય મર્યાદામાં માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના અધ્યતન એસઓઆર મુજબ નકશા અને અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/ તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) ટેન્ડર પ્રોસેસીગ માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨–૧૧–૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ–૧૦૨૦૦૫–૧૪૦૭–છ તથા વખતો વખત કરવામાં આવેલ સુચનાઓમાં ઈ–ટેન્ડરીંગમાં કરવામાં આવેલ જોગવાઈ/સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) આ યોજના હેઠળની જોગવાઈનો ખર્ચ, યોજનાના લાગુ પડતા પ્રવર્તમાન નિયમો અને નિયત પધ્ધતિ મુજબ કરવાનો રહેશે.

(૫) માલસામાન અને પૂરવઠો વગેરેની ખરીદી સરકાર માન્ય પધ્ધતિ અનુસાર કરવાની રહેશે.

(૬) સને ૨૦૧૨–૧૩ ના વર્ષમાં નાણા વિભાગ ધ્વારા રીલીઝ થતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત, સુપ્રત કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ ચાલુ બાબતની અગાઉ મંજુર થયેલ નવી બાબત તરીકે જે જોગવાઈઓ અને શરતો છે તે જોગવાઈઓ અને શરતોનું પાલન કરવાનું રહેશે.

૨. આ અંગે થનાર ખર્ચ આ હેતુ માટે સને ૨૦૧૨–૧૩ના અંદાજપત્રમાં સામાન્ય સદરે માંગણી નં.૭૦ મુખ્ય સદર–૨૫૧૫–અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ–પેટા મુખ્ય સદર–૦૦, ગૌણ સદર–૧૦૧, પેટા ગૌણ સદર–૦૯ સીડીપી–૩ ઘટક કક્ષાની સંસ્થાઓને સંગીન બનાવવી (આયોજન) હેઠળ થયેલ રૂા.૧૪૪૪.૮૫ લાખની તથા આદિજાતિ સદરે માંગણી

નં.૯૬, મુખ્ય સદર–૨૫૧૫ : અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમ, ગૌણ સદર : ૭૯૬– આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર : સીડીપી–૩ ઘટક કક્ષાની એજન્સીને સંગીન બનાવવી, વિગતવાર સદર : પંચાયતોને મૂડી મિલ્કતો ઉભી કરવા માટે અનુદાન(આયોજન) હેઠળ થયેલ રૂા.૩૬૦.૦૦ લાખની જોગવાઈમાંથી કરવાનું રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની બજેટ શાખાની ફાઈલ ક્રમાંકઃ બીયુડી–૨૦૧૨–૧૬૯–બ પર નાણાકિય સલાહકારશ્રીની તા.૨૩–૩–૨૦૧૨ની નોંધથી મળેલ સંયુકત મજુરી અને તે અન્વયે આ શાખાની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(પં) ની તા.૩૧–૩–૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.આર.ભગોરા)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(પં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પં) ના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી(પંચાયત), સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ

D:\lalit\4-2012.doc-